श्री शुकोपनिषद्.

(ટીકા સાથ)

છપાવી પ્રસિદ્ધ કરનાર.-

[illegible]ગનભાઈ પ્રાણજીવનદાસ

મુ૦ [illegible]

સંવત ૧૯૮૧ [illegible] શુકલ એકાદશી.

કિંમત ૦-૧-૦ (એક આનો)

नवयुग मुद्रणालय–सुरत

આ શુકોપનિષદ્ શ્રી મગનલાલ પ્રાણજીવનદાસે
પોતાના સ્વર્ગસ્થ ચિ. કાન્તિલાલના
પુણ્યાર્થે પ્રસિદ્ધ કરી ગુરૂ ચરણે
અર્પણ કર્યું છે.

॥ विजयते श्री शुकदेवः ॥

अथ श्री शुकोपनिषद्



ॐ सहनाववतु । सहनौ भुनक्तु । सहवीर्यं करवावहै तेजस्विनावधीतमस्तु । माविद्विषावहै । ॐ शान्तिः ३

अथ वै है नं रौमहर्षणिं श्रोत्रियं ब्रह्मनिष्टं सूतं संजगाम च पप्रच्छ कुलमुख्यो बह्वृचः शमदम श्रद्धाभक्तिसमन्वितः समित्पाणिः शौनकः ॥ १ ॥

भगवन्, मे शुद्धसच्चिदानंद सद्गुरु शुकदेवस्य रहस्यं ब्रूहि श्रीशुकदेवस्य च किं स्वरूपं केन विधिनोपास्यः शुकदेवः ॥ २ ॥

अथ हैनं प्रोवाच स्वानंदमग्नः सूतः हे अनघ, शृण्ववहितमतिः सरहस्यां कलिमलहरामात्मतत्त्वप्र-

काशिकां सर्वनिगमागमसिद्धांतसारामतिगोप्यां शुको-
पनिषदं वच्मि ॥ ३ ॥

शुद्धसच्चिदानंदः परमात्मैवेदं दरीदृश्यमानं स्थावरजंगमात्मकमाब्रह्मस्तंब पर्यन्तं जगद्रूपं दधार॥४॥

स एव सच्चिदानंदः सर्वव्यापकः सर्वेश्वरः सर्वान्तर्यामी सद्गुरुः शुकदेवः प्रणवस्वरूपः स्वात्मना सहाभेदेनोपास्यः तच्चेत्थम् ॥ ५ ॥

यथा प्रणवेऽकार उकारो मकारोऽर्धमात्रा बिन्दुरिति पञ्चाङ्गानि तथा पञ्चाङ्गानि पञ्चतत्त्वात्मकानि शुकदेवमहामंत्रे सन्ति, तथैव प्रत्यक्ष सद्गुरुविग्रहे कल्पयित्वोपास्यः ॥ ६ ॥

स्थूलदेहो जलतत्त्वात्मकोऽकारमात्रारूपो जनकगुरुस्वरूपः ॥ ७ ॥

सूक्ष्मदेहो वायुतत्त्वात्मक उकारमात्रारूपो दीक्षागुरुस्वरूपः ॥ ८ ॥

॥शु॥ कारणदेहोऽग्नितत्त्वात्मको मकारमात्रारूपो विद्या-
गुरुस्वरूपः ॥ ९ ॥

महाकारणदेहः शब्दरूपात्मकोऽर्धमात्रारूपः सद्-
गुरुस्वरूपः ॥ १० ॥

देहातीतोऽनुभवस्वरूपात्मकोविंदुस्वरूपः सर्वव्या-
पकः परमात्मा ॥ ११ ॥

स एव सर्वेश्वरः सर्वांतर्यामी सर्वातीतोनिरञ्जनो

निराकारः साकारो ब्रह्मस्वरूपः शुकदेवः प्रत्यक्ष गुरुमूर्तिस्थः ॥ १२ ॥

त्वं शुकदेवोऽहं शुकदेवो जले शुकदेवः स्थले शुकदेवोऽन्तरिक्षे शुकदेवः पाताले शुकदेवः सर्वं शुकदेवात्मकं जगत् ॥ १३ ॥

य एवं वेद स आत्मस्वरूपं वेद य आत्मस्वरूपं वेद स परमात्मनः स्वरूपं वेद यः परमात्मानं वेद सो

जन्ममृत्यूतीर्त्वा ब्रह्मैव भवति ब्रह्मविद् ब्रह्मैव भवतीति श्रुते ॥ १४ ॥

ॐ सहनाववत्विति शान्तिः ।३। इति श्रीशुकोपनिषद्॥

ॐ शब्दरूपाय विद्महे सन्य रूपाय धीमही ॥ तन्नःशुकः प्रचोदयात् ॥ समाप्त.



॥૨॥ (**अथवैहै०**) ટીકાઃ—વર્ણાશ્રમ ધર્મ પાળી જેનું અંતઃ- ॥૧॥
કરણ શુદ્ધ થયું છે, એવા શૌનક રૂષી જેઓ ઉત્તમ કુળવાન,
વેદપાત્ર, ચતુષ્ટય સાધન સમ્પન્ન હતા. તેઓ અત્યન્ત શ્રદ્ધા
ભક્તિ યુક્ત થઇ હાથમાં સમિધ લઇ શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ સદ્દગુરૂ
રોમહર્ષણ રૂષીના પુત્ર **સુતજીને** શરણે ગયા અને નિચે
પ્રમાણે પુછ્યું. (૧)

(**भगवन्०**) હે ભગવાન ? મને શુદ્ધ સચ્ચિદાનંદ
સદ્દગુરૂ **શ્રીશુકદેવજીનું** રહસ્ય કહો. **શ્રીશુકદેવજીનું** શું સ્વરૂપ
અને **શ્રીશુકદેવજીની** ઉપાસના કેવી રીતે કરવી ? (૨)

||૩|| (**अथहैनं०**) શૌનક ઋષીનાં આવાં પ્રેમ ભક્તિ યુક્ત વચનો સાંભળી ને નિજાનંદમાં લિન્ન થયેલા **શ્રી સુતજી** કહે છે. હે પાપ રહિત, શૌનક આ શ્રી શુકોપનિષદ તને કહુ છું. તે એકાગ્ર ચિત્તથી શ્રવણ કર આ શ્રી શુકોપનિષદ ગુરૂતત્વના રહસ્ય વાળુ છે. કળીયુગના દોષોનો નાશ કરવાવાળુ છે. આત્મ તત્વને પ્રકાશ કરવા વાળુ છે. સર્વ વેદશાસ્ત્રના સિદ્ધાંત રૂપ છે. અને અતિ ગુપ્તમાં ગુપ્ત છે. (૩) ||૪||

(**शुद्ध सच्चिदानंद०**) શુદ્ધ સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્મા-એજ બ્રહ્માથી સ્થાવર પર્યંત આ દેખાતુ સ્થાવર જંગમાત્મક જગતરૂપ ધારણ કર્યુ. (૪)

॥૧૨॥

(**सप्तत्र०**) તેજ સચ્ચિદાનંદ, સર્વ વ્યાપક. સર્વેશ્વર, સર્વાન્તર્યામી સદ્દગુરૂ શ્રી શુકદેવજી ઓંકાર સ્વરૂપ છે. તે ઓંકાર રૂપ સદ્દગુરૂ શ્રી શુકદેવજીનીજ આત્મ સાથે અભેદ કરી ઉપાસના કરવી યોગ્ય છે. તે નિચે પ્રમાણે. (૫)

(**यथा प्रणवे०**) જેમ ઓંકારમાં અકાર, ઉકાર. મકાર અર્ધમાત્રા, બિન્દુ એ પાંચ અંગો છે; તેમ પાંચ તત્વરૂપ પાંચ અંગો શ્રી શુકદેવ મહામંત્રમાં છે. તેજ પ્રમાણે પ્રત્યક્ષથી સદ્દગુરૂ સ્વરૂપમાં કલ્પના કરી ઉપાસના કરવી. (૬)

॥૧૩॥

॥૩॥ (**स्थुलदेहो०**) સ્થુલ દેહ જળ તત્વાત્મક **અકાર** માત્રા રૂપ જનક (પીતા) ગુરૂ સ્વરૂપ છે. (૭)

(**सूक्ष्मदेहो०**) સૂક્ષ્મ દેહ વાયુ તત્વાત્મક **ઉકાર** માત્રા રૂપ દિક્ષા ગુરૂ સ્વરૂપ છે. (૮)

(**कारणदेहो०**) કારણદેહ અગ્નિ તત્વાત્મક **મકાર** માત્રા રૂપ વિદ્યાગુરૂ સ્વરૂપ છે. (૯)

(**महा कारण०**) શબ્દ રૂપાત્મક **અર્દ્ધ** માત્રા રૂપ શ્રી સદગુરૂ સ્વરૂપ છે. (૧૦)

॥शु॥

• (**देहातित०**) ચાર દેહોથી ન્યારો અનુભવ સ્વરૂપાત્મક બિન્દુ સ્વરૂપ સર્વ વ્યાપક પરમાત્મા જ સર્વેશ્વર, સર્વાન્તર્યામિ, સર્વાતિત, નિરંજન નિરાકાર, સાકાર, બ્રહ્મસ્વરૂપ **શ્રી શુકદેવજી** પ્રત્યક્ષ પરમ સદ્‌ગુરૂ મૂર્તિ રૂપ છે. (૧૧-૧૨)

(**त्वं शुकदेवो०**) તું શુકદેવ, હું શુકદેવ, જળમાં શુકદેવ, સ્થળમાં શુકદેવ, અંતરિક્ષમાં શુકદેવ, પાતાળમાં શુકદેવ, જંગમાત્મક સઘળુ જગત શ્રી શુકદેવ સ્વરૂપ જ છે. (૧૩)

(**य एवं वेद०**) આ પ્રમાણે જે જાણે તેજ આત્મા સ્વરૂપને જાણે છે તેજ પરમાત્માને જાણે છે તેજ જન્મ મરણને

॥

॥१५॥ તરી જઈને બ્રહ્મરૂપ થાય છે. **શ્રુતિ** કહે છે કે:-બ્રહ્મ સ્વરૂપને જાણે તે બ્રહ્મ સ્વરૂપ થાય છે. (૧૪) ॥१६॥

(ટીપ) શ્રી શબ્દ બ્રહ્મ સદ્‌ગુરૂ શ્રી શુકદેવજી ઓંકાર સ્વરૂપ છે અને તેનું રહસ્ય શ્રી સદ્‌ગુરૂ મુખે શ્રવણ કર્યા શિવાય વાંચ્યાથી આવડે કે સમજાય એમ નથી, તેમજ શ્રી શુકદેવજીનો તારક '**અમરમંત્ર**' લીધા શિવાય આ રહસ્ય સમજવુ મુશ્કેલ છે. માટે આ શ્રીશુકોપનિષદનો નિત્ય પાઠ કરનારે સંક્ષેપમાં લખેલા ગુપ્ત રહસ્યને યથાર્થ જાણવા શ્રી શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ સદ્‌ગુરૂને શરણે જઈ મહામંત્ર પ્રાપ્ત કરી જીવન શ્રેયાર્થ કરી

સેતુ: સદ્‌ગુરૂ આશ્રીત શ્રેયસાધક વર્ગે મંત્રોપદેશ વિનાના
॥૭॥ મનુષ્યને આ ગુપ્ત રહસ્ય કેહેવું નહિ. કારણકેઃ—અભકત વંચક ॥૮॥
ધુર્ત, પાખંડી, નાસ્તિક, સઠ વગેરે અવિદ્યાત્મક જીવોને કહેવાથી
રાખમાં હોમેલા ઘીની પેઠે નિષ્ફળ થાય છે. અને રહસ્યના
માહાત્મની પાલના નહિ થવાથી દોષિત થવાય છે.

॥ श्रीहरिः ॐ शांन्तिः शांन्तिः शांन्तिः ॥

સમાપ્ત.

સૂચના

શ્રી શુકદેવ વાનપ્રસ્થાશ્રમ-યા-ભાગવત મંડળના કાર્યને નિભાવી વૃદ્ધિ કરવા શ્રેય: સાધક વર્ગે મદદ આપવી.

નિયમો તથા વ્યવસ્થા જાણવા મળો યા લખો-

શ્રી સદ્ગુરૂ શુકદેવ આજ્ઞાથી

શ્રી શુકદેવોપાસક

તંત્રી-હીરાલાલ છગનલાલ તારકશ

[illegible] ૨૫ [illegible]